વિરક્ષેત્ર પાસે આણું વાળી પરત ફરતા પિકઅપ પલટી જતા ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાયો

# કપરાડા નજીક પિકઅપ પલટતા 8નાં મોત

**30 થી** વધુ ઇજાગ્રસ્ત, ગિરનારા સીએચસી ખાતે એક સાથે દર્દીઓ પહોચતા અફરાતફરી

**જે દીકરીના** લગ્ન થયા હતા તેના પિતાનું પણ મોત નિપજ્યું

### મૃતકોની યાદી

- મીતાબેન કડુ (ઉ.વ.6)
- હાર્દિક સંજય કડુ (ઉ.7)
- પુષ્પા મનુ કડુ (ઉ.52)
- દાનજી એ કડુ (ઉ. 68)
- રાજારામ શિવરામ કડુ
- ઋત્વિક આર ખુરકુટે (ઉ.11)
- કીર્તિબેન આર ખુરકુ (ઉ. 14)
- સેનટી વિઠ્ઠલ કડુ (ઉ. 60)

વલસાડ : કપરાડા તાલુકાના અંતરિયાળ વિર ક્ષેત્ર નજીક બુધવારે અત્યંત કરુણ ઘટના બનતા હાહાકાર મચી ગયો છે. ગિરનારા ગામનો એક પરિવાર સબંધીઓ સાથે આણું વાળવા ગયા હતા તે દરમિયાન ભર બપોરે પિકઅપ ટેમ્પો પલટતા બાળકો, મહિલાઓની ચિચિયારીઓથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

કપરાડા દુઘટર્નામાં સૌથી કરુણ ઘટના એ બની કે જે દીકરીના લગ્ન થયા હતા તેના પિતા રાજારામભાઈ એસ રાઉતનું પણ મૃત્યુ નિપજ્યું હોય પરિવારમાં આભ ફાટ્યું છે.

સ્થાનિકોએ તાત્કાલિક પહોંચી દબાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે ગંભીર ઈજાને લઈ ઘટના સ્થળે 3 લોકોના અને 3 લોકોના સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા. જ્યારે 2ઈજાગ્રસ્તોનું વલસાડ સિવિલમાં મોડી સાંજે મોત થયું હતું. 25થી વધુ ઈજાગ્રસ્તોને અલગ અલગ દવાખાનાઓમાં સારવાર માટે લઈ જવાયા હતા. જે પૈકી અનેકની પરિસ્થિતિ ગંભીર છે. વધુ ગંભીર ઈજાગ્રસ્તોને અલગ અલગ હોસ્પિટલમાં રિફર કરાયા છે. સુથારપાડા, ગિરનારા સીએચસી ખાતે એકીસાથે ઈજાગ્રસ્તો પહોચતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે ઓછા સ્ટાફે પણ કર્મચારીઓએ ઈજાગ્રસ્તોની તાત્કાલિક સઘન સારવાર શરૂ કરતા અનેકનો જીવ બચ્યો હતો. ઘટનાની માહિતી મળતાં જ ઈજાગ્રસ્તો અને મૃતકોના પરિવારજનો પહોચતા રોકકળથી વાતાવરણ ગમગીન બન્યું હતું. તો દવાખાનાના આખા પરિસર અને માર્ગ ઉપર દૂર સુધી વાહનો જ જોવા મળ્યા હતા.





### લગ્નની સીઝનમાં સોંપો પડી ગયો

સમગ્ર ઘટનામાં જોઇએ તો 5 લોકો એક જ ગિરનારા ગામનાના મોત નિપજ્યા છે જ્યારે 2 વિરક્ષત્ર ગામના હોય ઉપરોક્ત ગામોમાં હાલે લગ્નની સીઝનમાં સોંપો પડી ગયો છે. તો ગિરનારા ગામના 5 લોકો ઘટનામાં મોતને ભેટતા કોણ કોને સાંત્વના આપે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

### રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર અટકાવ્યો

કરુણ ઘટનાના પગલે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારના આજના તમામ કાર્યક્રમો બંધ રાખવાની સોશિયલ મીડિયા ઉપર જાહેરાત કરાઈ હતી.

### બે દવાખાનાનો સ્ટાફને બોલાવતા અનેકના જીવ બચ્યા

ઘટનાની માહિતી મળતા જ કપરાડા આરોગ્ય અધિકારી મહેશ પટેલ ગિરનારા સી.એચ. સી. ખાતે પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવી આસલોના અને નારવડ દવાખાનાના તબીબી સ્ટાફને ગિરનારા સી એચ સી.ખાતે બોલાવી લઈ ઇજાગ્રસ્તોની તાત્કાલિક સારવાર શરૂ કરતા અનેકનો જીવ બચ્યા હતા.

# બાવળના વૃક્ષો કપાતા બબાલ

**તવડીમાં** બાવળના 9500થી વધુ વૃક્ષ કાપવા સામે ગ્રામજનોનો જંગ, મહિલાઓએ મોરચો સંભાળ્યો

**જમીન** પર 22 હકદારો હોવા છતાં માત્ર એક પાવરદારના આધાર પર નિર્ણય લેવાયો : ગ્રામજનોનો આરોપ

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના તવડી ગામે બાવળના હજારો વૃક્ષો કાપવાના મુદ્દે ઉગ્ર વિરોધ ફાટી નીકળ્યો છે. આશરે 9500થી વધુ વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવતા ગામમાં અસંતોષની લાગણી પ્રસરી ગઈ છે. ગ્રામજનોનો આરોપ છે કે જમીન પર 22 હકદારો હોવા છતાં માત્ર એક પાવરદારના આધાર પર નિર્ણય લેવાયો, જે તેઓને ક્યારેય સ્વીકાર્ય નથી.



### બાવળ બચાવોના સંઘર્ષે મોટી લડાઈનું સ્વરૂપ લીધું

ગામજનોનું કહેવું છે કે જમીનના તમામ હકદારોની મંજૂરી વિના આવા મોટા નિર્ણય લેવાયા છે, જે યોગ્ય નથી. તેઓએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો સુધી તમામ હકદારોને વિશ્વાસમાં લેવામાં નહીં આવે, ત્યાં સુધી કોઈપણ રીતે વૃક્ષો કાપવા દેવામાં નહીં આવે. હાલમાં વૃક્ષ કાપવાની કામગીરી બંધ રાખવામાં આવી છે, પરંતુ તવડી ગામમાં આ મુદ્દે અસંતોષની આગ હજી શાંત નથી થઈ. ગ્રામજનો હવે ન્યાય માટે વધુ કડક પગલાં લેવાની તૈયારીમાં છે, અને “બાવળ બચાવો”નો આ સંઘર્ષ હવે એક મોટી લડાઈનું સ્વરૂપ લઈ રહ્યો છે.

બુધવારે સવારે મજૂરો વૃક્ષો કાપવા માટે સાધનો સાથે પહોંચતા જ ગામજનો સજાગ બની ગયા હતા. થોડા જ સમયમાં લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા અને લાકડા લઈ જતો ટ્રેક્ટર અટકાવી દીધા હતા. સ્થિતિ ઝડપથી તંગ બની, પરંતુ ગામના સરપંચ રીનાબેનના નેતૃત્વમાં ગ્રામજનો દ્રઢતા સાથે ઉભા રહ્યા હતા.

ખાસ કરીને 300થી વધુ મહિલાઓએ સ્થળે પહોંચી મોરચો સંભાળ્યો અને વૃક્ષો કાપવાની કામગીરીને અટકાવી દીધી. મહિલાઓના આકરાં વિરોધ અને ગ્રામજનોની એકતાએ આખી પરિસ્થિતિને ગરમાવી દીધી હતી. પોલીસ પહોંચતા થોડીવાર માટે તણાવ વધ્યો, પરંતુ ગ્રામજનો પોતાના નિર્ણય પર અડગ રહ્યા હતા.

### ડાંગના ચિકટીયા ગામ પાસેના જંગલમાં ભીષણ આગ



ગિરીશ ભોયે

સાપુતારા : કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા ડાંગ જિલ્લાના જંગલોમાં ફરી એકવાર દવ લાગવાની ઘટના સામે આવી છે. ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ચિકટીયા ગામની સામે આવેલા ડુંગરાળ જંગલ વિસ્તારમાં અચાનક દવ ફાટી નીકળતા સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. આ વિસ્તાર ડાંગના ઉત્તર વન વિભાગ હેઠળ આવતા આહવા પશ્ચિમ રેંજમાં આવે છે, જ્યાં ડુંગરની હારમાળાઓમાં આગ પ્રસરી રહી હોવાનું જોવા મળ્યું છે. ઘટનાની વિગત મુજબ, ચિકટીયા ગામના ડુંગર પર અચાનક આગની જ્વાળાઓ દેખાતા ગ્રામજનોએ વન વિભાગને જાણ કરી હતી. સુકા પાંદડા અને પવનના કારણે આગ ઝડપથી ડુંગર પર ફેલાઈ રહી હોવાની આશંકા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વન વિભાગની ટીમને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ આહવા પશ્ચિમ રેંજના વનકર્મીઓ અને અધિકારીઓની ટીમ સાધન-સામગ્રી સાથે ઘટના સ્થળે રવાના થઈ હતી. વન વિભાગ દ્વારા ડુંગરાળ વિસ્તારમાં લાગેલી આ આગ પર કાબૂ મેળવવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વનકર્મીઓ ભારે જહેમત ઉઠાવી આગને આગળ વધતી અટકાવવા માટે મથી રહ્યા છે. જોકે, આ આગના કારણે જંગલની વનસ્પતિ અને વન્યજીવોને કેટલા પ્રમાણમાં નુકસાન થયું છે, તે અંગેની સત્તાવાર વિગત હજુ સામે આવી નથી.

# વાંસદાના ભીનાર ગામના બંધ મકાનમાં ભીષણ આગ

**ગરીબ** પરિવારની ઘરવખરી બળીને ખાખ, ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા અફરાતફરી મચી

**સુરત** ફાયરના જવાનોએ મહિલાને આગમાં કૂદતી અટકાવી જીવ બચાવ્યો



નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા તાલુકાના ભીનાર ગામે એક ગરીબ પરિવારના બંધ મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સંપૂર્ણ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ છે. ભીષણ જ્વાળાઓ વચ્ચે ગેસ સિલિન્ડર ફાટતા ગભરાટ ફેલાયો હતો.

ઘટનાની વિગત મુજબ, ભીનારના ભાઠેલ ફળિયામાં રહેતા યોગેશભાઈ બુધિયાભાઈ પટેલ પરિવાર સાથે બહાર ગયા હતા. તે દરમિયાન સવારે બંધ મકાનમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આખું મકાન લપેટમાં આવી ગયું હતું. સ્થાનિકોએ આગ ઓલવવાની કામગીરી શરૂ કરી વાંસદા ફાયર વિભાગને જાણ કરી હતી.

દુર્ઘટના સમયે મકાન માલિક મહિલા પોતાની કિંમતી વસ્તુઓ બચાવવા માટે સળગતા ઘરમાં કૂદવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પડોશમાં જ રહેતા અને સુરત ફાયર વિભાગમાં ફરજ બજાવતા મેહુલ પટેલ અને વૈભવ પટેલે મહિલાને અટકાવી દીધી હતી. આ દરમિયાન જ ઘરમાં રાખેલ ગેસ સિલિન્ડર પ્રચંડ ધડાકા સાથે ફાટ્યો હતો.

ફાયર વિભાગની ટીમ પહોંચે તે પહેલા જ ઘરવખરી અને અનાજ બળીને રાખ થઈ ગયું હતું. ભર ઉનાળે આશરો છીનવાઈ જતા ગરીબ પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર


### બારોલીયામાં હોમગાર્ડના મકાનમાં ચોરી કરનાર સગીરા પકડાયો

ધરમપુર : ધરમપુરના બારોલીયા ગામે હોમગાર્ડ જવાન પરીમલભાઈ ચૌધરી પોતાના પરિવાર સાથે સગાઈ પ્રસંગે ગયા હોય તે દરમિયાન બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરવામાં આવી હતી. ચોરોએ ઘરના કબાટના તાળા તોડી અંદર પ્રવેશ કરી સોનાની વીંટી, મંગળસૂત્ર, નાકની જડ, ચાંદીની પાયલ તેમજ બાળકોના ચાંદીના દાગીના સાથે રોકડ રકમ મળી કુલ રૂપિયા 1.43 લાખની મત્તા ચોરી કરી હતી. બનાવ અંગે ફરિયાદ નોંધાતા ધરમપુર પોલીસ સ્ટેશનના પીઆઇ નિખિલ ભોયા અને પીએસઆઇ વસાવાએ તાત્કાલિક કાર્યવાહી કરી માત્ર 24 કલાકમાં ગુનાનો ભેદ ઉકેલી એક સગીરાને ઝડપી પાડી હતી.

### ચણોદમાં જુગાર રમતા 3 પકડાયા

વાપી : વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ચણોદ ગામ, બિહારીનગર, દેવીકૃપા એપાર્ટમેન્ટની પાછળ જુગાર રમનારાઓ ઉપર રેઈડ કરી હતી. જેમાં (1) અનિલ પટેલ (ઉં.35, રહે.કરવડ) (2) અતુલ જયનાથ યાદવ (ઉં.19, રહે. ચણોદ ગામ) (3) રાજુ રાજેન્દ્ર પુરી (ઉં.24, રહે. ડુંગરી ફળિયા, ડુંગરા) ઝડપાઈ ગયા હતાં. જ્યારે પોલીસને જોઈ ભાગી છૂટેલા (1) આનંદ સિંગ ઉર્ફે લંબુ (2) રિયાજુદીન ઉર્ફે પંડિત હોવાનું જણાવ્યું હતું. પોલીસે મોબાઈલ ફોન અને અંગઝડતી અને દાવની રકમ મળી કુલ રૂપિયા 18,200નો મુદ્દામાલ કબજે લઈ ગુનો નોંધ્યો હતો.


### દમણના રસ્તા પર ખોદાયેલા નાળામાં કાર ખાબકી



દમણ : સંઘપ્રદેશ દમણના વરકુંડ સોમનાથ રોડ પર નાળાના ચાલી રહેલા કામકાજ દરમ્યાન મંગળવારની મોડી રાત્રે કલરીયા પોલીસ ચોકી નજીક નાળા માટે ખોદવામાં આવેલા ઉંડા ખાડામાં એક સફેદ કલરની કીયા કાર નંબર GJ-15-CQ-2877 ખાબકી હતી. રાત્રે રસ્તા પર જરૂરી લાઈટ અને સાઈન બોર્ડના અભાવે અંધારૂ હોવાના કારણે ચાલકનો સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર સીધી ખાડામાં ખાબકી હતી. જો કે, આ ઘટનામાં ચાલકનો ચમત્કારીક બચાવ થવા પામ્યો હતો. ત્યારે રસ્તા પર ચાલી રહેલા વિકાસીય કાર્યો દરમ્યાન નાળા તરફ મોટા સાઈન બોર્ડ લગાવવાની સાથે નાળા પાસેની જગ્યા બંધ કરી દેવામાં આવે તો આ પ્રમાણેના અકસ્માત થતા અટકાવી શકાય તેવી લોકો માંગ કરી રહ્યા છે.

# ‘બ્રાઉન હેરોઈન’ કેસમાં પોલીસ સપ્લાયરને ઉંચકી લાવી

**પારડીમાં અસફાકના** ઘરેથી રૂપિયા 1.27 લાખનું 6.380 ગ્રામ હેરોઇન મળી આવ્યું હતું



પારડી : પારડી પોલીસે કેફી દ્રવ્યોના ગેરકાયદે વેપાર પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. પારડી વિશ્રામ હોટલ પાછળ આવેલા દોલતનગરના અલીફ રો-હાઉસમાં દરોડા પાડી લાખોના ‘બ્રાઉન હેરોઈન’ સાથે એક ઇસમની ધરપકડ કર્યા બાદ, પોલીસે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો.

પારડી પોલીસ મથકના પી.આઈ. જી.આર. ગઢવી અને તેમની ટીમ દ્વારા પકડાયેલા આરોપી અસફાક શેખની પૂછપરછ કરતા ખુલાસો થયો હતો કે, નશીલો પદાર્થ વડોદરાના બાજસીંગ ગુરૂચરણસીંગ નામના શખ્સે પૂરો પાડ્યો હતો. બાતમીના આધારે, પારડી પોલીસે વડોદરામાં વોચ ગોઠવી હતી. પોલીસે મુખ્ય સપ્લાયર બાજસીંગ (રહે. વડોદરા, મૂળ પંજાબ) ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી પારડી લઈ આવી હતી. પોલીસે અસફાકના ઘરેથી 6.380 ગ્રામ હેરોઇન રૂપિયા 1.27 લાખ અને અન્ય સાધન-સામગ્રી મળી કુલ રૂપિયા 1.53 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યારે હવે સપ્લાયર બાજસિંગની પોલીસે ધરપકડ કરતા અન્ય કોણ કોણ સામેલ છે તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# વાપી GIDC કાર્યપાલક ઈજનેરના ઘરમાંથી 1.62 લાખની ચોરી

**ઈજનેરના** પત્નીનું આકસ્મિક અવસાન થતા તેઓ વતન સુરેન્દ્રનગર ગયા હતા

વાપી : વાપી જીઆઈડીસીમાં કાર્યપાલક ઈજનેરના બંધ બંગલામાંથી રૂપિયા 1.62 લાખના ઘરેણાની ચોરી થઈ હતી. ઈજનેરના પત્નીનું આકસ્મિક અવસાન થયું હતું અને તેઓ વતન સુરેન્દ્રનગર ગયા હતાં. વાપી ગુંજન સ્થિત જીઆઈડીસી ઓફિસર્સ બંગલામાં રહેતા દેવેન્દ્ર સગર (ઉં.37) જીઆઈડીસી-વાપીમાં કાર્યપાલક ઈજનેર તરીકે નોકરી કરે છે. ગત તા.4-4-26 ના રોજ ઓફિસના કામાર્થે ગાંધીનગર ગયા હતાં. પત્નીએ સુરતમાં આવેલા પર્લ હોસ્પિટલમાં એપોઈમેન્ટ લીધેલી હોય જેથી તેઓ ચાર વર્ષની પુત્રીને લઈ વાપીનો બંગલો બંધ કરી ડ્રાઈવર સાથે સુરત આવી હતી. જે બાદ પત્નીને સુરત હોસ્પિટલમાં સારવાર કરવા માટે લઈ ગયા હતાં. સારવાર કરતા તેઓને દવાનું રીએક્શન થઈ જતા હોસ્પિટલમાં તા.6-4-26 ના રોજ મોત નિપજ્યું હતું. જેથી ડેડબોડી લઈ વતન સુરેન્દ્રનગર ગયા હતાં. બંગલો બંધ હાલતમાં હોય સિક્યુરીટી ગાર્ડને ત્યાં રાખ્યો હતો. ગત તા.20-4-26 ના રોજ ઘરે સફાઈવાળી આવી હતી જેથી ડ્રાઈવરે ફોન કરીને જણાવ્યું હતું. જે બાદ ડ્રાઈવરે ફોન કરીને કહ્યું કે, પ્રથમ માળે આવેલા બેડરૂમનો કબાટ ખુલ્લા છે અને સરસામાન વેરવિખેર પડેલો હતો. જે બાદ તેઓ ઘરે આવી તપાસ કરતા કિચનના દરવાજાનો નકુચો ફીટ કરવાનો ગ્રેનાઈટ પથ્થર તૂટેલો હતો અને કબાટમાં મુકેલા સોનાના ઘરેણા ચોરી થઈ ગયા હતાં.

# ઉનાઈ પાસે વિસ્ફોટકો સાથે એક ઝડપાયો

વાંસદાઃ નવસારી જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા અસામાજિક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત નવસારી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે બાતમીના આધારે વાંસદા તાલુકાના ઉનાઈ રેલવે સ્ટેશન પાછળ આવેલા ખંભાલિયા ગામની નવી કોલોનીમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને અજીતભાઈ સુમનભાઈ પટેલ (ઉં.વ. 44) નામના વ્યક્તિના નિર્માણધીન મકાનમાંથી કોઈપણ પરમિટ વગર અને જોખમી રીતે રાખવામાં આવેલો વિસ્ફોટક જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી જીલેટીન સ્ટિક, ઈલેક્ટ્રિક ડેટોનેટર, દીવેટ અને મોબાઈલ ફોન સહિત કુલ 5,590નો મુદ્દામાલ જપ્ત કરી અજીતભાઈની ધરપકડ કરી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે શખ્સો, ઝીણાભાઈ નાયકા (રહે. બામણવેલ) અને નવાભાઈ (રહે. સાદડદેવી)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ વિસ્ફોટક પદાર્થ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીથી પંથકમાં ગેરકાયદેસર વિસ્ફોટકોનો વેપાર કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.